રાજ્યના એક એક ઘર માટે આજે ભવ્ય પ્રસંગ : રૂપાણી

ડેમ ભરાતા ૧૦૦૦૦ ગામડાઓ, ૧૦ નગરો અને ૧૮.૫ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા : વિજય રૂપાણી

અમદાવાદ,તા.૧૭

સરદાર સરોવર ડેમ જળાશય પૂર્ણ સપાટીએ પહોંચતા નર્મદા નીરના વધામણા, નમામિ દેવી નર્મદે, જળ ઉત્સવ આજે કેવડિયા ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદીના સંબોધન પહેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સંબોધન કર્યું હતું અને કહ્યું હતું કે, આજે વડાપ્રધાનના હસ્તે સરદાર સરોવર જળાશયની જળરાશિ પૂર્ણ સપાટીએ ભરતા નીર બહાવવાનો ઐતિહાસિક અવસર છે. ૧૯૪૬માં સરદાર પટેલે નર્મદા ડેમ નિર્માણનું સપનું સેવ્યું હતું અને આજે આપણા

વડાપ્રધાને આ સપનું સાકાર કર્યું છે. વધામણાની સાથે સાથે તેમનો જન્મદિવસ હોઈ સોનામાં સુગંધ ભળ્યા જેવો અવસર છે. ગુજરાતના એક એક ઘર માટે અવસરનો પ્રસંગ આવ્યો છે. મા નર્મદા અને નર્મદા યોજના આપણી વચ્ચે સાત સાત દાયકાથી રાજ્યનો પ્રાણ રહ્યો છે. અગાઉ ૧૨૧ મીટરે ડેમ ભરાતો હતો આજે ૧૩૮ મીટરની સપાટીએ પહોંચતા ૧૦૦૦૦ ગામ ૧૭૦ નગર અને ૧૮.૫ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધા મળશે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, મોદી તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન નર્મદા વિરોધી તત્વો સામે પડકારરુપ બન્યા હતા. વડાપ્રધાન પદે શાસન દાયિત્ય સંભાળ્યા પછી માત્ર ૧૭ દિવસના ગાળામાં જ ડેમના દરવાજા બંધ કરવાની મંજુરી આપી હતી અને આજે ગુજરાતનું સપનું સાકાર થયું છે. ગુજરાત વિકાસની વધુ એક છલાંગ લગાવવા સમર્થ બન્યું છે. મોદીએ પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી હાંસલ કરવા કરેલા આહવાનને પૂર્ણ કરવા ગુજરાત એક માધ્યમ તરીકે બની રહેશે. મોદીની ઉપસ્થિતિમાં વિજય રૂપાણીએ ગુજરાતની વિકાસ કામગીરીની પણ વાત કરી હતી. કેવડિયાની મુલાકાતે પહોંચેલા મોદીએ મા નર્મદાનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યું હતું.

મોદીએ બટરફલાય ગાર્ડનમાં પતંગિયાને ઉડાડીને મુકત કર્યા

જંગલ સફારી, ટુરિસ્ટ પાર્ક, ઈકો ટુરીઝમ સાઈટ, કેકટસ ગાર્ડન સહિતના પ્રકલ્પોની નરેન્દ્ર મોદીએ લીધેલ મુલાકાત

અમદાવાદ,તા. ૧૭

કેવડિયા ખાતે વડાપ્રધાન મોદી આજે સવારે ગાંધીનગરથી સીધા કેવડિયા પહોંચ્યા હતા. તેમણે નમામિ દેવી નર્મદમ કાર્યક્રમ અંતર્ગત ૭૦મા જન્મદિવસે નર્મદાના નીરના વધામણાં કર્યા હતા. દરમ્યાન તેમણે કેવડિયા ખાતે આવેલા વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. ઉપરાંત બટર ફ્લાય ગાર્ડનની મુલાકાત લઈને પતંગિયાને ઉડાડ્યા હતા. વિવિધ સાઈટની મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નર્મદાના નીરના વધામણાં કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ૭૦મા જન્મદિને છલોછલ ભરેલા સરદાર સરોવર ડેમ ખાતે નર્મદા મૈયાની મહાઆરતી ઉતારી હતી. સાથે જ તેમણે ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક સપાટીએ પહોંચેલા નર્મદાના નીરના વધામણા કર્યાં હતા. પ્રસિદ્ધ ભાગવત કથાકાર વિરંચીપ્રસાદ શાસ્ત્રીની આગેવાનીમાં નર્મદા કાંઠાના ૧૦૦ વિદ્વાન ભૂદેવોએ આ પ્રસંગે વેદોક્ત મંત્રોચ્ચાર કર્યા હતા. વડાપ્રધાને પરંપરાગત રીતે શ્રીફળ અને ચુંદડી નર્મદા નદીમાં અર્પણ કરી હતી. દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે કેવડિયા પહોંચીને સ્ટેચ્યૂ ઓફ યુનિટી એક વીડિયો ઉતારીને તેમના ટ્વિટર પેજ પર શેર કર્યો હતો. વડાપ્રધાન મોદીએ એક બાદ એક જગ્યાએ મુલાકાત લીધી હતી. જેમાં જંગલ સફારી ટુરીસ્ટ પાર્ક, ખાલવણી ઈકો ટુરીઝમ સાઈટ, કેકટસ ગાર્ડન, સરદાર સરોવર ડેમ સાઈટ, બટર ફ્લાય ગાર્ડન, એકતા નર્સરીમાં ઈકો ફ્રેન્ડલી પ્રોડકટના પ્રોડકશન સ્થળની મુલાકાત લીધી હતી. તેમની સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિતના મહાનુભાવો જોડાયા હતા. નર્મદાના નીરના વધામણાં કરીને વડાપ્રધાને નરેન્દ્ર મોદીએ ન્યૂટ્રિશન પાર્કની મુલાકાત લીધી હતી. મોદી નર્મદા ખાતેની વિવિધ પ્રકલ્પોની મુલાકાત લઈ નવા આકર્ષણો અને પ્રવાસીઓ ઉભી કરાયેલી સુવિધાઓથી ભારે પ્રભાવિત થયા હતા. તેમણે નવા આકર્ષણો અને સુવિધાઓને બિરદાવી હતી. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ પ્રથમવાર પૂર્ણ કક્ષાએ ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક સપાટી સુધી ભરાયો છે. યોગાનુયોગે આજે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૭૦મો જન્મદિવસ હતો, નર્મદાના નીરના વધામણા અને મહાઆરતી બાદ વડાપ્રધાન સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી અને જાહેરસભાને પણ સંબોધી હતી.

પ્રધાનમંત્રીની સાથે સાથે

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે મોડી રાત્રે અમદાવાદ પહોંચ્યા બાદ મંગળવારે કેવડિયા પહોંચ્યા
- કેવડિયામાં મોદીએ નર્મદા નીરના વધામણા કર્યા
- નમામિ દેવી નર્મદેની વિશેષરીતે આરતી કરી
- મોદીએ ખલવાણી, ઈકો ટ્યુરિઝમ સહિત રિવર રાફ્ટિંગ, ડેમોસ્ટ્રેશન, જંગલ સફારી, કેકટર્સ ગાર્ડન અને બટરફ્લાય ગાર્ડન, એકતા નર્સરી, વિશ્વ વન, ચિલ્ડ્રન ન્યુટ્રિશન પાર્ક સહિત વિવિધ સ્થળોની મુલાકાત લીધી
- મોદીની સાથે જુદા જુદા કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ જોડાયા
- મહાનુભાવોની મુલાકાત વેળા સરદાર સરોવર નિગમના મેનેજિંગ ડિરેક્ટર પણ ઉપસ્થિત રહ્યા
- પોતાના જન્મદિવસે નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા
- કેવડિયામાં સમય ગાળ્યા બાદ બપોર બાદ મોદી દિલ્હી જવા રવાના થયા
- નર્મદા નીરના વધામણા કરીને નદીની મહાઆરતી યોજવામાં આવી
- મોદીના આગમનને લઈને પહેલાથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો
- નર્મદા કાંઠાના ૧૦૦થી વધુ વિદ્વાનો નર્મદા નદીની આરતી વેળા વિશેષરીતે ઉપસ્થિત રહ્યા
- નર્મદા ડેમ પ્રથમવાર પૂર્ણકક્ષાએ ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક સપાટીએ પહોંચતા જુદા જુદા કાર્યક્રમો થયા

મોદીનું ટ્વિટ-સ્ટેચ્યુ ઓફ યુનિટીનો અદભુત નજારો

અમદાવાદ, તા.૧૭

કેવડિયા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે સવારે ગાંધીનગરથી સીધા કેવડિયા ખાતે નર્મદાના નીરના વધામણા માટે પહોંચ્યા છે. કેવડિયા સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પહોંચતા પહેલાં વડાપ્રધાને હેલિકોપ્ટરમાંથી ઉતારેલો એક વીડિયો પોતાના ટ્વીટર પેજ પર શેર કર્યો હતો. આ વીડિયોમાં નર્મદા ડેમનો અદભુત નજારો ઉપરાંત સરદાર પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટી ફરતે લગાવેલા ચક્કરના શોટ્સ સામેલ હતા.

સમગ્ર નર્મદા નદીમાં છલોછલ પાણી આ વીડિયોમાં જોવા મળતા હતા અને નજર જાય ત્યાં સુધી નવપલ્લિત ડેમસાઈટ જોવા મળતી હતી. જેમાં મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના કુદરતી નજારાની ભારોભાર સરાહના કરી હતી અને સરદાર પટેલને યાદ કરી સ્મરણાંજલિ અર્પી હતી. વડાપ્રધાને જે ટ્વીટ કરી હતી તેમાં નર્મદા બંધ માટે સરદાર પટેલની પરિકલ્પનાનું સ્મરણ કરવામાં આવ્યું હતું. આ ટ્વીટમાં વડાપ્રધાને લખ્યું હતું કે, થોડા સમય પહેલાં જ કેવડિયા પહોંચ્યો. જરાક આ સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ભવ્ય નજારો તો જુઓ.

મહાન સરદાર પટેલને સમગ્ર ભારતની આ એક અદભુત સ્મરણાંજલિ છે. આમ નર્મદા બંધ માટે એક સમયે સરદાર પટેલે કરેલી પરિકલ્પના આજે સાકાર થઈ હોય તેવો ભાવ પણ વડાપ્રધાને પ્રગટ કર્યો હતો. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ પ્રથમવાર પૂર્ણ કક્ષાએ ૧૩૮.૬૮ મીટરની ઐતિહાસિક સપાટી સુધી ભરાયો છે, આજે મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના ૭૦માં જન્મદિવસે નર્મદાના નીરના વધામણા કરીને નર્મદા નદીની મહાઆરતી ઉતારી હતી. નર્મદા ડેમ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે તેઓ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે તેમજ જાહેરસભાને પણ સંબોધશે. આ ઉપરાંત તેઓ જંગલ સફારી, બટરફ્લાય ગાર્ડન, એકતા નર્સરી, વિશ્વવનની પણ મુલાકાત લીધી હતી.

વડાપ્રધાનના જન્મદિનને બનાસ ડેરીએ સેવાયજ્ઞ તરીકે ઉજવ્યો

૧૭મી સપ્ટેમ્બર, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિનને બનાસ ડેરીએ સેવાયજ્ઞ તરીકે ઉજવ્યો હતો. આ પ્રસંગે બનાસડેરી પ્રેરિત ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજની ટીમે વાવ તાલુકાના મોરીખા ગામે ''સર્વ રોગ નિદાન કેમ્પ'' યોજીને સરહદી વિસ્તારના જરૂરિયાતમંદ લોકોની સેવા કરી હતી.

મોદીના બંદોબસ્તમાં તૈનાત પીએસઆઈની આત્મહત્યા

રાજપીપળા કેવડિયા ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમના બંદોબસ્ત દરમ્યાન નવસારીના એલઆઈબીના પીએસઆઈ એન.સી. ફિણવિયાએ રિવોલ્વરની આત્મહત્યા કરી છે. પીએસઆઈએ ઉપરી અધિકારીની હેરાનગતિથી આત્મહત્યા કરી હોવાનું ખુલ્યું છે. પીએસઆઈએ અંતિમ ચિઠ્ઠી લખીને આત્મહત્યા કરી હોવાની વિગતો સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કેવડિયા કોલોની ખાતે સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે આવ્યા હતા. જેને લઈ નવસારી, વડોદરા, ભરૂચ જિલ્લાની પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. નવસારી એલઆઈબીમાં ફરજ બજાવતા પીએસઆઈ એન.સી.ફિણવિયાનો સર્કિટ હાઉસ ખાતે પોઈન્ટ હોવાથી ફરજ પર હાજર હતા.

સાડા દસ વાગ્યાની આસપાસ પીએસઆઈ ફિણવિયાએ સર્કિટહાઉસના મુખ્ય ગેટ પર ફરજ બજાવતા પીએસઆઈ એમ બી કોંકણી પાસેથી ફોટો પડાવવાના બહાને સર્વિસ રિવોલ્વર માંગતા તેમણે આપી હતી. ત્યારબાદ ફિણવિયાએ સર્કિટ હાઉસના ગ્રાઉન્ટ ફ્લોરના પેસેજ પાસે કપાળમાં ગોળી મારી આત્મહત્યા કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, ઉપરી અધિકારીઓના દબાણ અને હેરાનગતિના કારણે તેમણે આત્મહત્યા કરી હતી. ઘટનાને પગલે નવસારી પોલીસના અધિકારીઓએ પણ બંદોબસ્તમાંથી ઘટનાસ્થળે દોડવું પડ્યું હતું.

નર્મદાનું પાણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વધવાનું છે. લોક ભાગીદારીના પ્રયોગો, લોકભાગીદારીથી જોડાયેલા કામોને આગળ વધારવાના છે, ગુજરાતના ગામેગામમાં જનભાગીદારીથી કામો થઈ રહ્યા છે. આજે કચ્છ અને સૌરાષ્ટ્રમાં મા નર્મદાની કૃપા થઈ રહી છે. પહેલાં સપ્તાહો સુધી પાણી મળતું ન હતું. ગોળીઓ પણ ચાલતી હતી. પાણીના રમખાણ થતા હતા. એક સમયે પાણી માટે ૧૦ કિલોમીટર સુધી ચાલતા જવું પડતું હતું અને પશુધન લઈને સેંકડો કિલોમીટર જવું પડતું હતું. મને યાદ છે વર્ષ ૨૦૦૦માં ભયંકર ગરમીમાં રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગરમાં હિંદુસ્તાનમાં પહેલી વખત પાણીની ટ્રેન ચલાવી પડતી હતી. મને અહીંની જવાબદારી આપી હતી, ત્યારે તે પડકાર હતો. ડેમ, કેનાલ, સિંચાઈ માટે આગળ વધાવવાનું હતું. ૧૫૦ કિ.મી. જ કામ થયું હતું, સિંચાઈનું કામ અટકી પડ્યું હતું પણ ગુજરાતના લોકોએ હિંમત ન હારી. આજે સિંચાઈનું વ્યાપક નેટવર્ક ૧૦૦ ગુણી જમીન સિંચાઈના દાયરામાં લાવી દીધું છે.પહેલાં ૧૪,૦૦૦ હેક્ટરમાં સિંચાઈની સુવિધા હતી અને માત્ર ૮,૦૦૦ ખેડૂતો લાભ લેતા હતા. ટપક સિંચાઈ, માઈક્રો સિંચાઈનું ધ્યાન આપ્યું હતું.

હવે ૧૨ લાખ ખેડૂતોને લાભ મળી રહ્યો છે. નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવાના ખેડૂતોના કારણે શક્ય બન્યું, માઈક્રો ઈરીગેશનના કારણે ૫૦ ટકા પાણીની બચત થઈ, ૨૫ ટકા ફર્ટીલાઈઝરનો બચત થઈ, વીજળીની બચત થઈ. કચ્છમાં નર્મદાનું પાણી પહોંચ્યું ત્યારે મેં કહ્યું હતું કે, નર્મદા પારસ સાબિત થશે અને આજે ગુજરાત માટે નર્મદાનું પારસ સિદ્ધ થઈ રહ્યું છે. નર્મદાનું પાણી નહીં પણ પારસ છે, પાણી માટીને અડે છે, ત્યારે સોનું બનાવી દે છે. ૨૦૦૧માં ગુજરાતમાં ૨૬ ટકા ઘરોમાં નળથી પાણી આવતું હતું, આજે ૭૮ ટકા ઘરોમાં નળથી પાણી આવી છે. હર ઘર જલનો લક્ષ્યાંક પાર કરવાનો છે. પહેલાં ખેડૂત પારંપારિક પાક લેતા હતા. હવે હોર્ટીકલ્ચર, બાગાયત જેવી ખેતી કરી રહ્યા છે. સિંચાઈના કારણે ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા સરકાર અનેક કદમ ઉઠાવી રહી છે. કેટલાક દિવસો પહેલા દુકાનદારો અને વેપારીઓ માટે પેન્શન યોજના શરૂ કરી છે, હવે ખેડૂતો માટે પણ થશે ઘોઘો, દહેજ, ફેરીનો ૧૭૦૦૦ ગાડીઓ ટ્રાનસ્પોર્ટ થઈ છે. સાડા ત્રણ લાખ લોકોએ રો-રો ફેરીનો ઉપયોગ કર્યો છે, આ સુવિધાથી સમય બચ્યો છે અને સુવિધા વધી છે. પર્યાવરણ બચ્યું છે. આર્થિક ફાયદો પણ થયો છે. ટુરીઝમની વાત આવે, ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણને માત્ર ૧૧ માસ થયા છે, ત્યારે ૨૩ લાખથી વધુ પર્યટક સરદાર પટેલ સ્ટેચ્યુ જોવા આવ્યા છે, પ્રતિદિન ૮૫૦૦ ટુરીઝમ આવે છે, જન્માષ્ટમીના દિવસે ૨૪ હજાર લોકો પર્યટક આવ્યા હતા. આવનારા સમયમાં નવા પ્રોજેક્ટ પૂર્ણ થશે ત્યારે રોજગારી વધુ ઉભી થશે, લોકોને ચાર દિવસ રહેવાનું મન કરશે તેવું ટુરીઝમ સરદાર સ્ટેચ્યુ બનશે. આ દેશને પ્લાસ્ટિકથી બચાવવાનું છે. આખો દેશે તેના માટે પ્રયાસ કર્યો છે, અમારૂ જળ અને જમીન પ્લાસ્ટિકથી મુક્ત રહે તેવી દરેક નાગરીક સંકલ્પ કરે. આજનો દિવસ સરદાર સાહેબ અને એકતા દિવસ માટે સ્વર્ણિક પૃષ્ઠ લખાયો હતો, ૧૯૪૮માં હૈદરાબાદનો વિલય આજે થયો હતો. હૈદરાબાદનું દેશની પ્રગતિમાં મોટુ યોગદાન છે.

પ્રેરક બિંદુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પટેલે ગાંધીનગર જિલ્લા કક્ષાના નમામિ દેવી નર્મદે મહોત્સવનો આરંભ કરાવ્યો હતો. ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોર્મસ કોલેજા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજયના પીવાના પાણી, સિંચાઈ અને વીજળી જેવી પ્રાથમિક જરૂરિયાત આજે નર્મદાના કારણે સંતોષાઈ રહી છે, જેથી આ બારમાસી નદી ગુજરાત રાજયની જીવાદોરી બની છે. સરદાર સરોવર ડેમમાં પાણી સંગ્રહ કરવાના કારણે આજે ગુજરાત રાજયના ૧૭ જિલ્લાના ૭૯ તાલુકાના ૩,૧૨૫ ગામોની ૧૭.૯૨ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ ૧૦ લાખ જેટલા ખેડૂતોની જમીનને મળ્યો છે. તે ઉપરાંત રાજયના ૧૮ હજાર ગામડાઓમાંથી ૯,૪૯૦ ગામો, ૭ મહાનગર પાલિકા સાથે ૧૭૩ શહેરોને પીવાનું અને ઘર વપરાશના પાણીની જરૂરિયાત સંતોષાઈ રહી છે. તેમજ ૧ અબજ યુનિટ વીજળી પેદા કરવામાં આવી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલે નર્મદા નદીનું ધાર્મિક મહત્વની અને તે સાથે જોડાતી ૪૧ નાની-મોટી નદીઓની રસપ્રદ વાત પોતાની આગવી શૈલીમાં કરી હતી. ગુજરાતના વિકાસમાં નર્મદા નદીનું યોગદાન મહત્વનું છે, તેવું કહી સર્વે નાગરિકોને પાણી બચાવવા માટે અનુરોધ કર્યો હતો.

ઉમા આર્ટસ અને નાથીબા કોર્મસ કોલેજ ખાતે યોજાયેલ કાર્યક્રમના આરંભે ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર ડૉ. રતનકંવર ગઢવીચારણે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આભારવિધિ કરી હતી.

બન્ને કાર્યક્રમમાં ધોળેશ્વર મહાદેવ મંદિરના રામસ્વરૂપપુરી, બ્રહ્માકુમારીના કૈલાસદીદી, સેકટર-૨ સ્વામિનારાયણ મંદિરના પી.પી. સ્વામી અને ચૈતન્ય સ્વરૂપ સ્વામી, ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશભાઈ શાહ, પૂર્વ મંત્રી શ્રીમતી જસુમતિબેન કોરાટ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને વાડીભાઈ પટેલ, ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર જિલ્લા પ્રભારી સચિવ સંજીવકુમાર, ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ એસ.જે. હૈદર, નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, સુજલામૂ-સુફલામ યોજના કાર્યપાલક જે.એમ. માયત્રા, નાયબ મ્યુનિસિપલ કમિશનર જોષી સહિત જિલ્લાના અધિકારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

નવા સેક્ટરોમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંજુરી આપી દેવામાં આવી છે. જયારે હવે ચોમાસાના અંતે આગામી મહીનામાં નવા સેકટરોમાં માર્ગ સુધારણાની બાકી કામગીરી શરૂ કરી દેવાશે. જેમાં સે-૬ થી ૮ ના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે. આ ઉપરાંત બાકીના માર્ગોનુ પણ તબક્કાવાર કામ હાથ ધરાશે હાલ વરસાદી દિવસોના લીધે શહેરના માર્ગો પર વિવિધ ઠેકાણે ગાબડા પડી ગયા છે. જયારે વરસાદી દિવસોના અંતે હવે આ મામલે પણ માર્ગોની નુકશાનીનો સર્વે હાથ ધરી માર્ગ સુધારણાની કામગીરી તેજ બનાવાશે. સેકટરોમાં હજુ રસ્તાઓની કામગીરી બાકી છે. જયારે જુના સેકટરોમાં પણ માર્ગ સુધારણાની દરખાસ્ત હજુ અધ્ધરતાલ છે. ત્યારે શહેરમાં રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે કોર્પોરેશન કક્ષાએથી પણ નવતર આયોજન કરવામાં આવી રહ્યુ છે.

સલામતી જોખમાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અવરવજવર પણ જોખમી બની છે. બેફામ ગતિએ આવતા વાહનચાલકો ચાર રસ્તા પર ગતિ નિયંત્રણ કરતા નથી અને ચારેબાજુથી વાહનોની અવરજવર ચાલુ રહેતા ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત છે. છેલ્લા એક મહીનાથી વારંવાર સિગ્નલની જબુકતી લાઈટો ડુલ થઈ જાય છે. જેના લીધે સિગ્નલ બંધ રહેતા આ વિસ્તારમાં પીક અવર્સ દરમિયાન પણ ટ્રાફિકની વધતી અવરજવર વચ્ચે ગતિ નિયંત્રણ જળવાતુ નથી. ચારે બાજુથી આવતા વાહનો ગમે ત્યારે અકસ્માત નોંતરે તેવી દહેશત છે. છેલ્લા એક અઠવાડીયાથી ઘ-૨ સર્કલના સિગ્નલની લાઈટો ડુલ છે. અલબત્ત સિગ્નલ બંધ છે. વારંવાર આ સર્કલ પર સિગ્નલ બંધ રહેતા સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. જયારે આ વિસ્તારમાં ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી દહેશત પણ પ્રબળ બની છે.

દિવા તળે અંધારું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર રખડતા ઢોરની સમસ્યાએ જટીલ અને જોખમી સ્વરૂપ લીધુ છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં અનેકવાર તોફાને ચઢેલા વાનરો તેમજ ગાય અને આખલાના લીધે અનેક ઘવાયેલા નાગરિકો હોસ્પિટલના બિછાને પહોંચ્યા છે. આમછતા કોર્પોરેશનના તંત્રની આંખ ખુલતી નથી. સામાન્ય સભામાં ઉછળકુદ કરતા અને વિવેકબુધ્ધિ ગુમાવતા સત્તાધીશો શહેરમાં રખડતા ઢોરને અંકુશમાં લેવા માટે પણ સક્ષમ નથી તે વાતથી વ્યથિત નાગરિકો પણ હવે મુંઝવણ અનુભવી રહ્યા છે.સે-૨૩ માં આજે માર્ગ વચાળે રખડતી ગાયે એક મહીલા પર હુમલો કરતા મહીલાને માથાના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી. વિમળાબેન વનવિરસિંહ રહેવર આજે તેમના એકટીવા પર જઈ રહ્યા હતા ત્યારે માર્ગ વચાળે દોડતી ગાયને જોઈને તેમણે એકટીવા ઉભુ રાખી દીધુ હતુ પરંતુ તોફાને તઢેલી ગાયે તેમના પર હુમલો કરી તેમને નીચે પછાડી દીધા હતા. જેના લીધે તેમને માથાના ભાગમાં ગંભીર ઈજા થવા પામી હતી. ઈજાગ્રસ્ત મહીલાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જયાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમા દાખલ કરાઈ હતી. શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોની શેરીઓમાં રખડતા ઢોર આમ નાગરિકોથી માંડીને નાના બાળકો માટે જોખમી બન્યા છે. ગમે ત્યારે જાનલેવા અકસ્માત થાય તેમ છે. અત્યાર સુધી સેંકડો નાગરિકો આ અકસ્માતનો ભોગ બન્યા છે .પરંતુ ઢોર પકડવા માટે નાટકીય ઝુંબેશ હાથ ધરતા કોર્પોરેશનના તંત્રની આંખો ખુલતી નથી. માર્ગ સલામતીના નામે પાટનગરમાં જ દિવા તળે અંધારુ છે.

મુલાકાત કરીશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું હતું કે, હું વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરીશ અને હું ભારત અને પાકિસ્તાન (ના વડાપ્રધાન) સાથે પણ મુલાકાત કરીશ. ટ્રમ્પના કાર્યક્રમ મુજબ, તેઓ પાકિસ્તાનના વડાપ્રધાન સાથે આ મહિને ન્યૂયોર્કમાં યોજાનારા સંયુક્ત રાષ્ટ્ર મહાસભા સત્ર દરમિયાન મુલાકાત કરી શકે છે. હાઉડી મોદી કાર્યક્રમમાં ટ્રમ્પ ૫૦,૦૦૦થી વધુ ભારતીય-અમેરિકનને સંબોધિત કરશે. ટ્રમ્પે કાશ્મીરનો ઉલ્લેખ કર્યા વગર જણાવ્યું હતું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઓછો કરવાની દિશામાં ઘણી પ્રગતિ થઈ છે.

અરવલ્લી ક્રેડાઈ ''પ્લાસ્ટિક મુક્ત મોડાસા'' કાર્યક્રમ અંતર્ગત ૨૫ હજાર પેપર બેગનું વિતરણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન દ્રષ્ટા સમાન ''પ્લાસ્ટિક મુક્ત ભારત'' અંતર્ગત અરવલ્લી જીલ્લા બિલ્ડર્સ એસોસિએશન અને મોડાસા ક્રેડાઈ દ્વારા ''પ્લાસ્ટિક મુક્ત મોડાસા'' બનાવવા માટે મોડાસા શહરેના પ્રજાજનોને ટોકન ચાર્જે ૨૫ હજારથી વધુ પેપર બેગનું વિતરણ કરવામાં આવશે. રાજ્યના વનમંત્રી રમણલાલ પાટકરે ક્રેડાઈ અરવલ્લીના ''પ્લાસ્ટિક મુક્ત મોડાસા''ની સરાહના કરી ક્રેડાઈ પ્રમુખ કમલેશ પટેલ, મોડાસા ક્રેડાઈ પ્રમુખ દિલીપ પટેલ, મંત્રી હરેશ પટેલ, કલેક્ટર અમૃતેશ અમૃતેશ ઔરંગાબાદકર અને જીલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતમાં શાલ ઓઢાડી સન્માન કરી સરાહના કરી હતી અને પ્રજાજનોને ''પ્લાસ્ટિક મુક્ત અભિયાન''માં સહકાર આપવા અનુરોધ કર્યો હતો.